## બોટાદનાં મે. ત્રીજા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,બોટાદ

**ફોજદારી કેસ નંબર : ૩૯૧૪ /૨૦૨૩**

**આંક : ૧ લગત હુકમ**

**ફરિયાદી ::–** **શ્રી સરકાર.**

**વિરૂધ્ધ**

**આરોપી ::–** **ઇલીયાસભાઇ ઉર્ફે ચીકીવાળા મુશાભાઇ શેલત(ઘાંચી) રહે.બોટાદ ખોજાવાડી સબીહા હોસ્પીટલ પાસે**

**ગુનો :– ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ ની કલમ–૬૫ (એ)(એ) મુજબ**

**:: ઠ રા વ ::**

**૧..** ફરિયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ ફરીયાદમાં જણાવેલ તારીખ, સમય, અને સ્થળે પોતાના કબ્જામાં વગર પાસ પરમીટે દેશી દારૂ રાખી મળી આવેલા.જેથી ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ સરકાર તરફે ફરિયાદ આપતાં, ગુનો રજીસ્ટરે લઈ, તપાસ કરનાર અમલદારે આરોપીને અટક કરી, તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ ની કલમ– ૬૫(એ)(એ) મુજબનાં ગુનાં સબબ ચાર્જશીટ રજુ કરેલ છે.

**૨..** ચાર્જશીટ દાખલ થયા બાદ, આરોપીને સમન્સ કરતાં, આરોપી નામદાર અદાલત રૂબરૂ હાજર થતાં, તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલ વિનાં મૂલ્યે આપવામાં આવ્યા બાદ, આરોપીએ પોતાની ગુનાં કબૂલાત પુરશીશ રજુ રાખેલ છે અને આરોપીએ પોતાની સામેનાં ગુનાંનો એકરાર કરેલ છે અને ત્યાર બાદ આરોપી વિરૂધ્ધ ત્હોમતનામું ઘડી, આરોપીની પ્લી લેતાં, આરોપીએ ફરીથી ગુનાંનો એકરાર કરેલ છે. આરોપીએ એવી રજુઆત કરેલ છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે, અજ્ઞાનતામાં ગુનો બનવા પામેલ છે, ભવિષ્યમાં ફરી આવો ગુનો ન બને તેની તકેદારી રાખીશું, ગરીબ ઈસમ છીએ, જેથી દયાની અરજ ગુજારેલ છે.

**૩..** આમ, આરોપીની સ્વૈચ્છિક ગુનાં કબૂલાત, આરોપીની રજુઆત, ગુનાંનું સ્વરૂપ, કેસનાં સંજોગો તથા આરોપીની વય તેમજ આરોપીની આર્થિક અને સામાજિક પરિસ્થિતી

વિગેરે લક્ષમાં લેતાં, તેમજ સજાની જોગવાઈ ધ્યાને લેતાં, ગુજરાત પ્રો.એકટ ની કલમ–૬૫(એ એ)ની સજાની જોગવાઈ જોતા તેમા ૩ વર્ષ સુધી લંબાવી શકાય તેવી કેદની અને દંડની સજાની જોગવાઈ છે. હાલના કેસમા સંજોગો જોતાં, કાયદામા જેટલી સજાની જોગવાઈ કરવામાં આવેલ હોય, તેના કરતાં ઓછી સજાની જોગવાઈ કરવા અંગે નામ. ગુજરાત હાઈકોર્ટનો ડીવીઝન બેન્ચ નો ચુકાદો **નટવર હરચંદજી ઠાકોર વી. ગુજરાત રાજય ના ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯** ના સિધ્ધાંતમા પ્રસ્થાપીત કરેલ છે કે જયારે પુરતા અને વ્યાજબી કારણ હોય ત્યારે આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય છે. તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા નં.**(૧) રમેશ ભીખાલાલ સોની વી.ગુજરાત રાજય જી.એલ.આર.૨૦૧૩(૨)૯૭૪** તેમજ (૨) **રાજેશકુમાર રતનલાલ સીઘી ૨૦૧૫(૩૮) જી.એચ.જે. પાન નં. ૩૫૪** ના ચુકાદાઓમા પણ જણાવેલ કે જયારે પુરતા અને વ્યાજબી કારણ હોય કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય, જેથી હાલના કેસમા આરોપીની રજુઆત તથા કેસના સંજોગો ધ્યાને લેતા હાલના આરોપીનો પ્રથમ ગુનો છે અને કુટુંબ કબીલાના માણસ છે અને આરોપીના સામાજીક તથા આર્થીક સંજોગો જોતા આરોપીને કાયદામાં જે સજા જણાવેલ હોય તેનાથી ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જણવાય રહેશે જેથી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**:: હુકમ ::**

આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૧ અન્વયે, ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ ની કલમ–૬૫(એ)(એ), મુજબનાં ગુન્હામાં આરોપીઓને તકસીરવાન ઠરાવી, **કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૩૦૦/-** (અંકે રૂપિયા **ત્રણસો પુરા**) પુરા દંડ કરવામાં આવે છે.જો દંડ ન ભરે તો દિવસ–૦૭ (સાત)ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

પ્રોહી મુદ્દામાલ નો અપીલ સમય બાદ નાશ કરવો.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**( એચ.એચ.પટેલ )**
**ત્રીજા** જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
બોટાદ– જીજે. ૦૧૭૨૨

બોટાદ.
તા. **૦૯ / ૦૩ / ૨૦૨૪** .